BHAKT ENGLISH MEDIUM SCHOOL KAKAROLIA

Subject :- Gujarati

Class:-IV

## પાઠ :- 3 ત્રણ ઢીંગલીઓ

◆ **શબ્દાર્થ**

કલાકાર - કોઈ કલા ને જાણનાર

મૂલ્ય - કિંમતી

પ્રયાસ - કોશિશ

વિશ્વાસ પાત્ર - જેના પર વિશ્વાસ કરી શકાય તે

શ્રેષ્ઠ - મહાન

ભેટ - ઇનામ

◆ પ્રશ્નો ના ઉત્તર લખો .

1. અકબર ના દરબાર માં ઢીંગલીઓ લઈને કોણ આવ્યું ?

ઉત્તર :- એક કલાકાર અકબર ના દરબાર માં ઢીંગલીઓ લઈને

કલાકાર આવ્યો.

2. દરબારીઓને ત્રણે ઢીંગલીઓ કેવી લાગી રહી હતી ?

ઉત્તર :- દરબારીઓને ત્રણે ઢીંગલીઓ એક સરખી લાગી.

3. કઈ ઢીંગલી સૌથી સારી હતી ?

ઉત્તર :- ત્રીજી ઢીંગલી સૌથી સારી હતી.

4. ત્રણે ઢીંગલીઓ માં શું તફાવત હતો ?

ઉત્તર:- પહેલી ઢીંગલીમાં લોકો બીજાઓની વાત અવગણી નાખે એ બાબત હતી . બીજી ઢીંગલીઓ માં લોકોની વાત સાંભળે ને બીજા ને કહી દે અને વિશ્વાસ પાત્ર હોતી નથી .ત્રીજી ઢીંગલી માં સર્વશ્રેષ્ઠ હોય છે જે બીજાની વાત સાંભળે છે અને બીજાને કહેતા નથી.

5. કલાકાર ઢીંગલીઓ કોને આપવા ઈચ્છતો હતો ?

ઉત્તર:- જે સૌથી સારી ઢીંગલી શોધી આપશે તેને કલાકાર ઢીંગલીઓ આપવા ઈચ્છતો હતો .

6. બીરબલે ઢીંગલીઓ વચ્ચેનો ભેદ કઈ રીતે શોધ્યો ?

ઉત્તર :- બીરબલ એ ત્રણેય ઢીંગલીઓ ને હાથ માં લઈને ધ્યાન થી જોઇ ક્યારે તે ઢીંગલીઓ ના કાનમાં ફૂંક ભરતો તો ક્યારેક

તેમના મુખ પર હાથ રાખીને જોઈ જોતો.

7.બીજી ઢીંગલી કયા લોકો જેવી હતી ?

ઉત્તર:-બીજી ઢીંગલી એ એવા લોકો જેવી છે જે સાંભળેલી વાત બીજાને કહી દે છે એવી વ્યક્તિ વિશ્વાસ પાત્ર હોતી નથી.

8. ત્રીજી ઢીંગલી શ્રેષ્ઠ કઈ રીતે હતી ?

ઉત્તર :- ત્રીજી ઢીંગલી શ્રેષ્ઠ હતી જે બીજાની વાત સાંભળે છે પણ કોઈ ને કહેતી નથી .

◆ નીચેના વાક્યો કોન કોને કહે છે તે લખો.

1. આ ઢીંગલીઓ હું તેને જ આપીશ જે આ ત્રણ માંથી સૌથી સારી ઢીંગલી શોધી ને બતાવશે .

ઉત્તર :- કલાકાર અકબર ને કહે છે .

2. આ ત્રીજી ઢીંગલી સહુથી સારી છે .

ઉત્તર :- બીરબર બોલે છે અકબર ને

3. બીરબરે એકદમ બરાબર કહ્યું છે .

ઉત્તર :- અકબર બોલે છે કલાકાર ને કહે છે

4. તારો કોઈ જવાબ નથી .

ઉત્તર :- અકબર બોલે છે બીરબલ ને કહે છે.

◆ યોગ્ય વિકલ્પ ની સામે (v) ની નિશાની કરો.

1. કલાકાર કોના દરબાર માં આવ્યો ?

(અ) રાજા કૃષ્ણદેવ ના (બ) અકબરના v

(ક) મહારાણા પ્રતાપ (ડ) શિવાજી

2. કલાકાર પાસે કેટલી ઢીંગલીઓ હતી ?

(અ) બે (બ) એક (ક) ચાર (ડ) ત્રણ v

◆ વિરોધી શબ્દ લખો.

1. બહાર × અંદર
2. આવવું. × જવું
3. સારું × ખરાબ
4. પાસે × દૂર
5. ગુણ × અવગુણ
6. સુંદર × ખરાબ , ગંદુ

◆ સમાનાર્થી શબ્દ લખો.

1. પ્રયાસ = પ્રયત્ન , કોશિશ
2. હાથ = હથેળી
3. ભેટ = ઇનામ
4. હવા = પવન
5. મુખ = મોઢું

◆ નીચે આપેલા શબ્દો નું વર્ણ વિચ્છેદન કરો.

1. કલાકાર = ક્ + અ + લ + આ + ક્ + આ + ર + અ
2. અકબર = અ + ક+ અ + બ + અ + ર + અ
3. બિરબર = બ + ઈ + ર + અ + લ + અ

# પાઠ :- ૪ સમય નું મહત્વ

◆ શબ્દાર્થ

સાગર = સમુદ્ર

પળ પળ = ક્ષણ

મહત્વ = કિંમત

કણ – કણ = નાનાથી નાના ટુકડા

યુગ = બહુ લાંબો સમય

બુદ્ધિમાન = હોશિયાર

◆ શ્રુત લેખન :-

ગુલદસ્તો , ઈંટ , લહેરાવું , માટી , પૃથ્વી ,બુદ્ધિમાન

◆ પ્રશ્નો ના જવાબ લખો.

**Re 1.** ઘણા બધા ફૂલો મળવાથી શું બને છે ?

ઉત્તર:- ઘણા બધા ફૂલો મળવાથી ગુલદસ્તો બને .

2. ઘર કેવી રીતે બને છે ?

ઉત્તર:- ઈંટ થી ઈંટ જોડીને સુંદર ઘર બને છે .

3. પળ - પળ જોડવાથી શું બને છે ?

ઉત્તર :- પળ પળ જોડવાથી યુગ બને છે .

4. બુદ્ધિમાન કોને કહેવાય ?

ઉત્તર :- જે પળ પળ નું મહત્વ સમજે છે તે બુદ્ધિમાન કહેવાય છે.

5 . ગુલદસ્તો એટલે શું ?

ઉત્તર :- ઘણા બધા ફૂલો ને જોડીને બનાવમાં આવતી વસ્તુને
ગુલદસ્તો કહેવાય છે.

6 . જળ ના અનેક બિંદુઓ મળી જાય તો શું બની શકે છે ?

ઉત્તર :- જળના અનેક બિંદુઓ મળી જાય તો સાગર બની જાય.

7 . પળ અને યુગ માં શું અંતર છે ?

ઉત્તર :-પળ એટલે ક્ષણ અને યુગ એટલે બહુ લાંબો સમય.

◆ યોગ્ય વિકલ્પ ની સામે ( √ ) ની નિશાની લગાવો .

1. ઈંટો થી બને છે ?

(અ) બજાર (બ) વન (ક) ઘર √ (ડ) તળાવ

2. જળના બિંદુઓથી બને છે .

(અ) વાયુ (બ) નાવ (ક) વાદળા (ડ) સાગર √

3. કણ – કણ માટીથી બને છે ?

(અ) સરોવર (બ) પૃથ્વી √ (ક) પર્વત (ડ) પથ્થર

4. આ કાવ્ય માટે સૌથી યોગ્ય શીર્ષક.

(અ) ઘડિયાળ ની કિંમત

(બ) સાગર અને બિંદુઓ

(ક) પળ અને યુગ

(ડ) સમય નું મહત્વ √

5. આ કાવ્ય દ્વારા આપણ ને શું શીખવા મળે છે ?

(અ) સમય આવતો – જતો રહે છે

(બ) સમય અનમોલ છે

(ક) સમય નું ધ્યાન રાખવાથી બુદ્ધિમાન બની શકાય છે √

(ડ) સમય ની પહેલા કઈ હોતું નથી .

◆ સમાનાર્થી શબ્દ લખો.

1. ફૂલ = પુષ્પ , સુમન
2. સાગર = સમુદ્ર , જલધિ
3. ઘર. = મકાન , આવાસ
4. પૃથ્વી = ધરા , ધરતી
5. જળ. = પાણી , નીર
6. મહત્વ = મૂલ્ય , કિંમત

◆ વચન એટલે શું ?

-શબ્દના જે રૂપથી વ્યક્તિ કે વસ્તુ એક કે અધિક હોવાની માહિતી મળે તેને વચન કહે છે.

◆ નીચેના શબ્દોના વચન બદલીને લખો.

1. ઈંટ - ઈંટો
2. ગુલદસ્તો - ગુલદસ્તો
3. બિંદુ - બિંદુઓ
4. પેન્સિલ - પેન્સિલો
5. કાંટો - કાંટા
6. પાંદડું - પાંદડા